જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૨/૨૦૧૭ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૨૯૪ લીટર દેશી દારૂ, ૯૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૯ બીયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી, રૂપિયા ૧૬,૯૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૭૫/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૭૬/૧૭

**સેટેલાઈટઃ** ધર્મેન્દ્રભાઇ મોહનભાઇ રામાણી (રહે. ચાણક્યપુરી ઘાટલોડીયા) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૨/૧૭ સવારના ૧૦/૩૦ થી તા.૮/૨/૧૭ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ પ્રેરણાતીર્થ દેરાસરની બાજુમાં વ્રજવિહાર ટાવરની નીચે મોહીત પાન પાર્લર નામની પોતાની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી અલગ-અલગ બ્રાન્ડની સીગારેટના પેકેટ કિમત રૂપિયા ૪૩,૧૧૪/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ. શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૨૭૭/૧૭

**સોલા હાઇકોર્ટઃ** ડૉ.દિલીપ પી.પેટેલ (રહે.સોલા સિવીલ હોસ્પિટલ) એ તા.૮/૨/૧૭ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૨/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૬/૨/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન સોલા સિવીલ હોસ્પિટલના ઓ.પી.ડી વિભાગના મુખ્ય પ્રવેશદ્વારના દરવાજા પાસે કેસ કાઢવાના કાઉન્ટર ઉપર જડેલ એલ.ઇ.ડી.ટીવી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કીરીટભાઇ વીઠ્ઠલદાસ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૮/૧૭</u>**

**ઓઢવઃ** લાલમુનસિંગ લકુસિંગ લોધી (રહે. મહેશ્વરી વિભાગ-૨ ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૭ રાતના ૧૨/૦૦ વાગે રહેણાંક નજીક પાર્ક કરેલ ટ્રક નંબર જીજે એક્સ ૭૧૮૧ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. જે ટ્રકમાં લોખંડના ટી.એમ.ટી.સળિયા કિમત રૂપિયા ૩,૮૬,૮૫૦/- મતાના ભરેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૯/૧૭</u>**

**નરોડાઃ** રણજીતભાઇ જગદીશભાઇ ઠાકોર (રહે. નારાયણનગર સોસાયટી ભરવાડવાસની બાજુમા નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૨/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા નરોડા એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ નજીકથી રણજીતભાઈ ઠાકોરના કુવા દશરથજી અરજણજી ઠાકોર (ઉ.વ.૫૦) ચાલતા પસાર થઇ રહ્યા હતા ત્યારે અજાણ્યા એ.એમ.ટી.એસ.બસના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી દશરથજી ઠાકોરને ટક્કર મારતા ગંભીર ઇજાઓ થતા તેમને ખાનગી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.પરમાર ચલાવે છે.

**<u>દિવાલ નીચે દટાઈ જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૦/૧૭</u>**

**રામોલઃ** તા.૭/૨/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રામોલ ગામ રાઈશમીલ સામે ઇન્દીરાનગર ખાતે રહેતા ડાહીબહેન વા/ઓ ધનજીભાઇ વાઘેલા (ઉ.વ.૭૫) ઉપર દિવાલ પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે એલ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૮/૨/૧૭ કલાક ૫/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમૃતભાઈ મોહનભાઈ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૧/૧૭</u>**

**વેજલપુરઃ** ખુશ્બુબહેન વા/ઓફ ઉમંગભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. સીવનગર ફ્લેટ રવિ સ્કુલની ગલીમા ટીવી-૯ પાસે જીવરાજ પાર્ક) એ અગમ્ય કારણસર તા.૮/૨/૧૭ સવારના ૯/૦૦ થી બપોરના ૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનિશ પોલીસ કમિશનર શ્રી એમ ડીવીઝન ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**મેઘાણીનગરઃ** ધર્મેન્દ્રસિગ સુરેન્દ્રસિંગ ચૌહાણ (રહે. કુભાજીની ચાલી શિવશક્તિનગર) એ અગમ્ય કારણસર તા.૮/૨/૧૭ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રાજેન્દ્રસિહ રાયસિહ ચલાવે છે.

**રામોલઃ** કમલેશભાઇ ભગવાનભાઇ પટેલ (ઉ.વ.૪૫) (રહે.શિવાલય પાર્ક વિભાગ-૧ માધવ-૪ સામે વસ્ત્રાલ) એ દેવુ વધી જતા મનમાં લાગી આવતા તા.૮/૨/૧૭ કલાક ૯/૦૦ વાગ્યાના સુરેલીયા રોડ શંકર એસ્ટેટ ફેકટરીમાં પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી,અમનખાન ગુલાબખાન ચલાવે છે.

**દાણીલીમડાઃ** અનીતાબહેન ડો\ દશરથભાઇ ચુનારા (ઉ.વ.૧૮) (રહે.દશરથમુખીની ચાલી કબાડી માર્કેટ-૩ પાછળ બહેરામપુરા દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૮/૨/૧૭ બપોરના ૪/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)